પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-26 ■ તા. 20-7-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk



Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

# નોર્વે અને ન્યૂઝીલેન્ડની વસતી કરતાં પણ વધુ PM આવાસ બિહારમાં બનાવ્યા: મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે શુક્રવારે (૧૮ જુલાઈ) બિહારના મોતિહારી પહોંચ્યા છે. જ્યાં વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી નીતીશ કુમારના વખાણ કર્યા હતા. ત્યારે વડાપ્રધાને સંબોધનમાં જણાવ્યું હતું કે, બિહારના મોતિહારીને મુંબઈની જેમ વિકસાવવામાં આવશે. જેમાં વડાપ્રધાને કહ્યું હતું કે, 'નૉર્વે અને ન્યૂઝીલેન્ડની વસતી કરતાં પણ વધુ PM આવાસ બિહારમાં બનાવામાં આવ્યા છે.' ચાલો જાણે વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં શું જણાવ્યું. પીએમ મોદીએ મોતિહારીનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, 'આ ધરતી ચંપારણની ધરતી છે. આ ધરતીએ ઈતિહાસ બનાવ્યો છે. આઝાદીના આંદોલનમાં આ ધરતીએ ગાંધીજીને નવી દિશા બતાવી હતી. હવે આ ધરતીની પ્રેરણ બિહારનું નવુ ભવિષ્ય પણ બનાવશે. 'બિહારના વિકાસની વાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, '૨૧મી સદીમાં દુનિયા બહુ આગળ વધી રહી છે. એક સમયે જે તાકાત માત્ર પશ્ચિમી દેશો પાસે હતી, જેમાં હવે પૂર્વના દેશોનો પણ દબદબો અને ભાગીદારી વધી રહી છે. જેમાં પૂર્વના દેશો વિકાસની નવી રફતાર પકડી રહ્યા છે. આગામી સમયમાં મુંબઈની જેમ મોતિહારીનું પણ નામ હશે. પૂણેની જેમ પટનામાં પણ ઔધોગિક વિકાસ થશે. સંથાલ પરગણાનો પણ સુરતની જેમ વિકાસ થાય, જલપાઈગુડી અને જાજપુરમાં જયપુરની જેમ પર્યટનના નવા રેકોર્ડ બને અને વીરભૂમના લોકો પણ બેંગ્લોરની જેમ પ્રગતિ કરે.

## સમાજમાં મહિલાઓને પછાત પરંપરાઓમાંથી મુક્ત કરવી જરૂરી




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શુક્રવારે જણાવ્યું હતું કે, કોઈપણ દેશની સફળતા માટે મહિલાઓનું સશક્તિકરણ અત્યંત જરૂરી છે. જૂની અને પછાત વિચારણા ધરાવતી પરંપરામાંથી મુક્ત કરવામાં આવશે. તે મહારાષ્ટ્રના સોલાપુરમાં ઉદ્યોગવર્ધિની નામના એક બિન-સરકારી સંગઠન તરફથી આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

મોહન ભાગવતે જણાવ્યું કે, મહિલાઓ કોઈપણ સમાજનો અભિન્ન હિસ્સો હોય છે. પુરૂષ જીવનભર કામ કરે છે, મહિલા પણ જીવનભર કામ કરે છે. પરંતુ તેનાથી પણ વિશેષ તે આગામી પેઢીઓને પ્રેરણા આપે છે. બાળકોના મન અને સંસ્કાર માતાના સ્નેહમાં જ વિકસિત થાય છે. મહિલા સશક્તિકરણ માત્ર સમાજ માટે નહીં, પણ આખા દેશના વિકાસ માટે અનિવાર્ય છે. મોહન ભાગવતે જણાવ્યું કે, ઈશ્વરે મહિલાઓને એક વિશેષ શક્તિ આપી છે. જેનાથી તે એ કામ પણ કરી શકે છે, જે પુરૂષ નથી કરતાં. તેનામાં પુરૂષ જેવા તમામ ગુણો પણ છે. જેથી તે પુરૂષની સમોવડી થઈને કામ કરી શકે છે.

વધુમાં ભાગવતે કહ્યું કે, પુરૂષોની આ વિચારસરણી કે, તેઓએ મહિલાને પ્રગતિ કરવા મંજૂરી આપી છે, તો તે અત્યંત અહંકારી વિચારસરણી છે. આવું વિચારવાની કોઈ જરૂર નથી. મહિલાઓને માત્ર સ્વતંત્રાતા આપવી જોઈએ. તેમને પછાત પરંપરાઓથી મુક્ત કરાવવી જોઈએ અને જાતને વિકસિત કરવી જોઈએ.

## અમેરિકાએ પાકિસ્તાનના જુઠ્ઠાણાંની પોલ ખોલી, મીડિયાએ માફી પણ માગી



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સપ્ટેમ્બરમાં પાકિસ્તાનની મુલાકાત લઈ શકે છે. ગુરુવારે (૧૭મી જુલાઈ) આ અહેવાલો આખા પાકિસ્તાની મીડિયામાં છવાયેલા હતા. પરંતુ હવે વ્હાઈટ હાઉસે આ અહેવાલોને નકારી કાઢ્યા છે. પાકિસ્તાનની બે મુખ્ય ન્યૂઝ ચેનલોએ દાવો કર્યો હતો કે ટ્રમ્પ સપ્ટેમ્બરમાં પાકિસ્તાનની મુલાકાત લેવાની યોજના બનાવી રહ્યા છે. ત્યારબાદ પાકિસ્તાનના ઘણાં અન્ય મીડિયા સંસ્થાઓએ પણ આ અહેવાલોને મુખ્ય રીતે પ્રકાશિત કર્યા હતા. પાકિસ્તાની મીડિયાએ જુઠ્ઠાણું ફેલાવ્યું હતું કે, ૧૮મી સપ્ટેમ્બરના રોજ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પાકિસ્તાનની મુલાકાતે આવી શકે છે. એવું કહેવામાં આવ્યું હતું કે આ દરમિયાન તે ભારતની પણ મુલાકાત લેશે. જો કે, મુલાકાત અંગે અટકળો વધતા વ્હાઈટ હાઉસે આ અહેવાલોને ફગાવી દેતા એક નિવેદન બહાર પાડ્યું અને કહ્યું, 'પાકિસ્તાનની મુલાકાતનું હાલમાં કોઈ આયોજન નથી.' પાકિસ્તાની મીડિયા ચેનલોએ આ ફેક ન્યૂઝને પાછા ખેંચી લીધો હતા અને તેના દર્શકોની માફી પણ માંગી. અન્ય એક મુખ્ય પાકિસ્તાની મીડિયાના એક વરિષ્ઠ મેનેજમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, 'પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે કહ્યું કે આ મુલાકાતની કોઈ માહિતી નથી, ત્યારબાદ અમે આ નિવેદન પાછું ખેંચી લીધું છે.

## મોદીની રેલીમાં ત્રણ શંકાસ્પદ લોકો □ વિસ્તારમાં ઘુસ્યા



શુક્રવારે મોતિહારીના ગાંધી મેદાનમાં યોજાયેલી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન કડક સુરક્ષા વચ્ચે શંકાસ્પદ સંજોગોમાં અચાનક ત્રણ લોકો હાઈ સિક્યુરિટી ઝોન (ડી એરિયા) માં ઘુસી ગયા. સ્થળ પર તૈનાત સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક ત્રણેયને કસ્ટડીમાં લીધા. ત્રણેયની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. કસ્ટડીમાં લેવામાં આવેલા લોકોમાં સુગૌલીના જીતેન્દ્ર તિવારી, ઘોડાસાહનના વિક્રાંત ગૌતમ અને પશ્ચિમ ચંપારણ જિલ્લાના રામનગર બ્લોકના રવિકાંતનો સમાવેશ થાય છે. કસ્ટડીમાં લીધા બાદ પોલીસ ત્રણેયની પૂછપરછ કરી રહી છે. સંબંધિત પોલીસ સ્ટેશનોમાંથી ત્રણેયની માહિતી લેવામાં આવી રહી છે. પીએમ મોદી આજે બિહારના મોતીહારી જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. અહીં મોતીહારીમાં તેમણે એક જાહેર સભાને સંબોધિત કરી હતી. તેમણે બિહારને ઘણી ભેટો પણ આપી હતી. બિહાર ચૂંટણી પહેલા પીએમ મોદીની આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પીએમ મોદીએ ભોજપુરીમાં પોતાનું સંબોધન શરૂ કર્યું અને કહ્યું, ''શ્રાવણના આ પવિત્ર મહિનામાં હું બાબા સોમેશ્વર નાથના ચરણોમાં નમન કરું છું. હું તેમના આશીર્વાદ માંગુ છું કે બિહારના તમામ લોકોના જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે.'' પીએમ મોદીએ કહ્યું, ''ચંપારણની ભૂમિએ ઈતિહાસ રચ્યો છે. સ્વતંત્રતા સંગ્રામમાં આ ભૂમિએ ગાંધીજીને એક નવી દિશા બતાવી હતી. હવે આ ભૂમિની પ્રેરણા બિહાર માટે એક નવું ભવિષ્ય બનાવશે.'' પીએમ મોદીએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું, ''આજની પેઢી માટે એ જાણવું મહત્વપૂર્ણ છે કે બે દાયકા પહેલા બિહાર કેવી રીતે નિરાશામાં ડૂબી ગયું હતું. આરજેડી અને કોંગ્રેસના શાસન દરમિયાન વિકાસ પર બ્રેક લાગી હતી. ગરીબોના પૈસા ગરીબો સુધી પહોંચવાનું અશક્ય હતું. સત્તામાં બેઠેલા લોકોનો એક જ વિચાર હતો કે ગરીબોના પૈસા કેવી રીતે લૂંટવા પરંતુ બિહાર એ નાયકોની ભૂમિ છે જે અશક્યને શક્ય બનાવે છે.

## સુધારાના ભાગરૂપે બ્રિટનમાં મતદારવય ઘટાડી ૧૬ વર્ષની કરવામાં આવી



બ્રિટિશ સરકાર આગામી સામાન્ય ચૂંટણીમા મતદારવય ઘટાડી ૧૬ની કરવા આયોજન કરી રહી છે. આ રીતે વિશ્વની સૌથી જૂની પાર્લામેન્ટરી સીસ્ટમમાં આમૂલ પરિવર્તન થઈ જશે. વડાપ્રધાન કેર સ્ટારમેરની સરકારે જણાવ્યું હતું કે ૧૬થી ૧૭ વર્ષના યુવાનો અને યુવતીઓને આ દ્વારા વધુ સત્તા હસ્તાંતરિત કરાવનો હેતુ છે. તે પૈકી ઘણાએ સેનામાં પણ કામગીરી બજાવી છે. આ નિયમો સ્કોટલેન્ડ તથા વેલ્સને પણ લાગુ પડશે.

બ્રિટનના આ સંભવિત ચૂંટણી સુધારા અંગે કેટલાક વિચારકોનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે ૧૬ વર્ષના જ યુવાનો કે યુવતીઓ હજી રાજકીય દ્રષ્ટિએ કે વ્યવહારૂ દ્રષ્ટિએ પણ પૂરો પરિપકવ નથી હોતા. તેઓ પ્રવાહમાં ખેંચાઈ જઈ શકે છે. માટે આ સુધારો યોગ્ય નથી.

જો કે આ સુધારો બ્રિટનનાં હાઉસ ઓફ કોમન્સમાંથી તેમજ અપર હાઉસ હાઉસ ઓફ લોર્ડઝમાંથી પસાર થવો અનિવાર્ય છે. સંભવ તે પણ છે કે તે હાઉસ ઓફ કોમન્સ (લોકસભા)માંથી પસાર થઈ શકે પરંતુ હાઉસ ઓફ લોર્ડઝમાંથી પસાર થવો મુશ્કેલ છે.

## મોહમ્મદ શમીની પૂર્વ પત્ની ફરી વિવાદમાં ફસાઈ, હત્યાના પ્રયાસનો કેસ દાખલ

ભારતીય સ્ટાર બોલર મોહમ્મદ શમીથી અલગ રહેતી પત્ની હસીન જહાં એક નવા વિવાદમાં ફસાઈ ગઈ હોય તેવું લાગે છે. એવા અહેવાલો છે કે હસીન જહાં અને તેની પુત્રી અર્શી જહાં વિરુદ્ધ હત્યાના પ્રયાસનો કેસ નોંધવામાં આવ્યો છે. જોકે, હસીન દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. તેમના પર પાડોશી પર જીવલેણ હુમલો કરવાનો આરોપ છે. આ દાવો એક વીડિયો દ્વારા કરવામાં આવી રહ્યો છે. એક વીડિયો દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે હસીન જહાં તેના પડોશીઓ સાથે ઝઘડો કરી રહી છે. આ વીડિયો પશ્ચિમ બંગાળના બીરભૂમનો હોવાનું કહેવાય છે. એવા અહેવાલો છે કે હસીન જહાં અને તેની પુત્રી અર્શી જહાંએ જમીન વિવાદમાં પડોશીઓને માર માર્યો હતો. એવો દાવો કરવામાં આવી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભાવનગરમાં હિટ એન્ડ રન : બે નાં મોત

ભાવનગરના કાળીયાબીડ વિસ્તારમાં શક્તિમાતાજીના મંદિર નજીક હિટ એન્ડ રન ની ઘટના બની છે. ક્રેટા કારના ચાલકે અલગ અલગ જગ્યાએ ચાર લોકોને લીધા અડફેટે લીધા હતા. જેમાં વૃદ્ધા સહિત બેના મોત નીપજ્યા હતા. ભાવનગરની ખાનગી કંપનીમાં નોકરી કરતો યુવાન ભાર્ગવ ભરતભાઈ ભટ્ટી મિત્રની રાહે રોડની સાઈડમાં ઉભો હતો આ સમયે કાર ચાલકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. આ કાર ચાલકે અન્ય ત્રણને અડફેટે લીધા હતા. જેમાં સારવારમાં ખસેડાયેલા વૃદ્ધા ચંપાબેન વાસાણીનું પણ મોત નીજપ્યું હતું

### મહારાષ્ટ્રથી દારૂ બિયરનો જથ્થો લાવી વડોદરામાં વેચતો આરોપી પકડાયો

વડોદરામાં પીસીબી પોલીસની માહિતી મળી હતી કે કોયલી ફળિયામાં રહેતો નિકુંજ વાઘમારે વિદેશી દારૂનો ધંધો કરે છે જેથી પોલીસે તેના ઘરે જઈને રેડ કરતા અલગ અલગ ૧૮ બ્રાન્ડને વિદેશી દારૂ અને બિયરની ૩૨૮ બોટલ કિંમત ૨.૫૧ લાખની મળી આવી હતી. જેથી પોલીસે નિકુંજ રૂપે બાબા હિંમત રાવગ મારે રહે મહાદેવ પડ્યા કોઈલી પ્રજાપતિ પુરાની સામે ગુનો દાખલ કર્યો હતો.

વડોદરા પોલીસે વિદેશી દારૂની બોટલ અને મોબાઈલ મળીને કુલ ૨.૫૬ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. પોલીસે હાથ ધરીને પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે મેં મહારાષ્ટ્રની અલગ અલગ વાઈન શોપમાંથી વિદેશી દારૂનો જથ્થો ખરીદ્યો હતો અને ટ્રાવેલ મારફતે વડોદરામાં આવી પોતાના પરિવારોના ઘરમાં કંટાળી વેચાણ કરતો હતો.

### સેન્સેક્સ બે દિવસના સુધારા પછી ૩૭૫ પોઇન્ટ ઘટ્યો

ટ્રમ્પ અને અમેરિકન ફેડરલ રિઝર્વના ઘર્ષણના સમાચારો છતાં વૈશ્વિક શેરબજારમાં સુધારાની વિરૂધ્ધ ભારતીય શેરબજાર નરમ બંધ રહ્યા હતા. સ્થાનિક શેરબજારનું વેલ્યૂએશન ઊંચુ રહેતાં સિટી ઈન્વેસ્ટમેન્ટ દ્વારા વેઈટેજ ઘટાડવામાં આવ્યાની નકારાત્મક અસર થઈ હતી. વધુમાં બેન્ક ઓફ મેરિલ લિન્ચના એક રિપોર્ટ અનુસાર એશિયામાં ભારતીય શેરબજાર ફેવરિટમાં ચોથા સ્થાને ગબડ્યા હોવાની પણ અવળી અસર હતી. વિદેશી રોકાણકારો માટે શેરોનું વેલ્યૂએશન ચિંતાનો વિષય રરહ્યો છે અને તેને કારણે તેઓ વેચવાલ રહ્યા હોવાથી દરેક ઊછાળેથી બજાર પાછું ફરી રહ્યું છે. દરમિયાન કોર્પોરેટ સેક્ટરની કામગીરીની પણ ખાસ અસર જોવાઈ નથી. અત્યાર સુધી જાહેર થયેલી આઈટી કંપનીઓની કામગીરી ધારણા કરતાં નીચી રહી હતી. હવે બેન્કિંગ સેક્ટરની કામગીરી જો ધારણા અનુસાર નહીં રહે તો બજાર માટે આગળ વધવું મુશ્કેલ બનશે એમ એનાલિસ્ટોનું માનવું હતું.

### ત્રિપક્ષીય સહયોગ ઇચ્છે છે ચીન! □□□ ફોર્મેટ ફરી લાગુ કરવાની કરી વાત

ચીને આજે ગુરુવારે (૧૭ જુલાઈ) રશિયા-ભારત-ચીન ત્રિપક્ષીય સહયોગ ફરી શરુ કરવા હાકલ કરી છે. જેમાં પહેલાં રશિયાએ પહેલ કરી હતી. જેનું જિનપિંગે સમર્થન કર્યું છે. ચીને કહ્યું કે, રશિયા, ભારત અને ચીન એમ ત્રિપક્ષીય સહયોગ ન માત્ર ત્રણેય દેશના હિતમાં છે, પરંતુ વિસ્તાર અને વિશ્વની સુરક્ષા અને સ્થિરતા માટે પણ ઘણો અગત્યનો છે. રશિયાના સમાચાર પોર્ટલ ઈઝવેસ્ટિયાએ ગુરુવારે રશિયાના ઉપવિદેશ મંત્રી આંદ્રેઈ રુડેન્કોને ટાંકીને કહ્યું હતું કે, 'માસ્કો RIC ફોર્મેટને ફરીથી સ્થાપિત થવાની આશા રાખે છે અને આ મુદ્દાને લઈને બિજિંગ અને નવી દિલ્હીની સાથે વાતચીત કરી રહ્યા છે.' રુડેન્કોએ કહ્યું કે, 'અમે આ ફોર્મેટને સફળ બનાવવામાં રુચિ રાખીએ છીએ. કારણ કે બ્રિક્સના સ્થાપક ઉપરાંત આ ત્રણેય દેશો મહત્ત્વપૂર્ણ ભાગીદારો પણ છે. અમે આશા રાખીએ છીએ કે, દેશ RIC મુજબ ફરીથી કામ શરુ કરવાને લઈને સહમતિ બતાવે.

## તંત્રી લેખ....

# ચોમાસુ સત્ર અગાઉ સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી

કેન્દ્ર સરકારે સંસદનું ચોમાસુ સત્રના એક દિવસ અગાઉ ૨૦ જુલાઈએ સવારે ૧૧ વાગ્યે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં તમામ પક્ષોના લોકસભા અને રાજ્યસભાના નેતાઓ હાજર રહેશે. આ બેઠકમાં ચોમાસુ સત્રમાં રજૂ થનારા બિલો અને મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવે તેવી સંભાવના છે.

સંસદનું ચોમાસુ સત્ર એવા સમયે શરૂ થઈ રહ્યું છે જ્યારે બિહારમાં મતદાર યાદી પુનઃસમીક્ષા પ્રક્રિયાને લઈને રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ સહિત વિપક્ષો ચૂંટણી પંચ અને સરકાર પર સતત પ્રહારો કરી રહ્યા છે.

વિપક્ષોનું કહેવું છે કે ચૂંટણી પંચે આ પ્રક્રિયા મનસ્વી રીતે શરૂ કરી છે. આ પ્રક્રિયાનો સમગ્ર પ્રયાસ શાસક પક્ષને ફાયદો પહોંચાડવાનો છે. ચોમાસુ સત્ર દરમિયાન કોંગ્રેસ અને કેટલાક અન્ય વિપક્ષો ઓપરેશન સિંદૂર અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવાના દાવા જેવા મુદ્દાઓ પર સરકાર પાસેથી જવાબો માંગવાની તૈયારી કરી રહ્યા છે.

આ વખતે સરકાર આવકવેરા બિલ ૨૦૨૫ પણ રજૂ કરી શકે છે. આ બિલ ફેબ્રુઆરીમાં લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું અને તેને નીચલા ગૃહની પસંદગી સમિતિને મોકલાયું હતું.

આ વર્ષે લોકસભામાં જે બિલો પસાર થવાની શક્યતા છે તેમાં ગોવા રાજ્યના વિધાનસભા મતવિસ્તારોમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન બિલ, ૨૦૨૪, વેપારી શિપિંગ બિલ, ૨૦૨૪, ભારતીય બંદરો બિલ, ૨૦૨૫ અને આવક વેરા બિલ, ૨૦૨૫નો સમાવેશ થાય છે. કેન્દ્રીય સંસદીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ શરુ થશે અને ૧૨ ઑગસ્ટના રોજ સમાપ્ત થશે.

# મની લોન્ડરિંગના ત્રણ નવા કેસ દાખલ, નાણાની ગેરરીતિના આરોપ



દિલ્હીમાં કારમી હાર બાદ આમ આદમી પાર્ટી પર સંકટના વાદળો સતત ઘેરા બની રહ્યા છે. ફરી એકવાર આમ આદમી પાર્ટીના નેતા ઈડીની રડારમાં આવ્યા છે. ઈડીએ દિલ્હીમાં □□□ની સરકારમાં ત્રણ મોટા કૌભાંડ થયો હોવાનો દાવો કર્યો છે. પ્રાથમિક તપાસમાં ઈડીએ દાવો કર્યો છે કે, આપની સરકાર હતી ત્યારે દિલ્હીમાં હોસ્પિટલ નિર્માણ, સીસીટીવી પ્રોજેક્ટ અને શેલ્ટર હોમમાં નાણાકીય ગેરરીતિઓ થઈ હતી. આ મામલે ઈડીએ મની લોન્ડરિંગના ત્રણ કેસ નોંધ્યા છે. ઈડીએ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ પણ નોંધ્યો છે.

પહેલો કેસ રૂ. ૫૫૯૦ કરોડના હોસ્પિટલ નિર્માણ કૌભાંડ સંબંધિત છે. ૨૦૧૮-૧૯માં દિલ્હી સરકાર દ્વારા ૨૪ હોસ્પિટલની યોજનાને મંજૂરી અપાઈ હતી. જે છ મહિનામાં તૈયાર કરવાની હતી, પરંતુ ત્રણ વર્ષ બાદ પણ બાંધકામ બાકી છે. અત્યાર સુધી તેની પાછળ રૂ. ૮૦૦ કરોડ ખર્ચાઈ ચૂક્યા છે અને હજી સુધી ૫૦ ટકા કામ જ પૂરું થયું છે. બીજી તરફ, એલએનજેપી હોસ્પિટલનો ખર્ચ રૂ. ૪૮૮ કરોડથી વધી રૂ. ૧૧૩૫ કરોડે પહોંચ્યો છે. આ મામલામાં આપના નેતા અને દિલ્હીના પૂર્વ આરોગ્ય મંત્રી સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈનની ભૂમિકા સામે સવાલ ઉઠી રહ્યા છે.

બીજો કેસ રૂ. ૫૭૧ કરોડના સીસીટીવી કૌભાંડ સાથે જોડાયેલો છે. ૨૦૧૯માં દિલ્હીના ૭૦ વિધાનસભા ક્ષેત્રોમાંથી ૧.૪ લાખ સીસીટીવી કેમેરા લગાવવાની યોજના બનાવાઈ હતી. આ કોન્ટ્રાક્ટ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડને અપાયો હતો, પરંતુ આ યોજના સમયસર પૂરી થઈ ન હતી. BEL પર રૂ. ૧૭ કરોડનો દંડ ફટકારાયો હતો. ત્યાર બાદ કોઈ પણ સ્પષ્ટ કારણ આપ્યા વિના તે માફ કરવામાં આવ્યો હતો.

ડીયુએસઆઈબી શેલ્ટર હોમના નિર્માણ કાર્યમાં ૨૦૭ કરોડનું કૌભાંડ આચરાયું હોવાનો દાવો કરાયો છે. દિલ્હી અર્બન શેલ્ટર ઈમ્પ્રુવમેન્ટ બોર્ડ (ડીયુએસઆઈબી) સાથે જોડાયેલી આ યોજનામાં ગંભીર નાણાકીય ગેરરીતિ થઈ હોવાનો ખુલાસો થયો છે. જેમાં નકલી ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટ મારફતે રૂ. ૨૦૭ કરોડની હેરાફેરી થઈ હોવાનું ઈડીનું કહેવું છે. લોકડાઉન વખતે દસ્તાવેજમાં જાણવા મળ્યું કે, રૂ. ૨૫૦ કરોડનું શેલ્ટર હોમનું કામ 'ઘોસ્ટ વર્ક્સ'ના નામે દર્શાવાયું હતું. આ કામદારોનો પગાર કમિશન પેટે નેતાઓ સુધી પહોંચ્યું હોવાનો આરોપ છે.

સૂત્રો અનુસાર, આ તમામ કેસની તપાસ સીબીઆઈ અને એસીબી દ્વારા ચાલી રહી છે. આ તપાસ એજન્સીઓની એફઆઈઆરના આધારે ઈડીએ મની લોન્ડરિંગનો કેસ ફાઈલ કર્યો છે. આ મામલે ટૂંક સમયમાં આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓની પણ પૂછપરછ થઈ શકે છે.

# ઈન્સ્ટાગ્રામ પર લોભામણી સ્કીમનો જોઇને લલચાઇ ન જતા



દેશભરમાં સાયબર ક્રાઈમ એક ગંભીર વિષય બનતો જઈ રહ્યો છે. ગુનેગારો કેવી-કેવી રીતે સામાન્ય લોકો પાસેથી પૈસા પડાવી શકે, તે કોઈ વિચારી પણ નથી શકતું. આવો જ એક કિસ્સો અમરેલીના રાજુલામાંથી સામે આવ્યો છે. જ્યાં રાજસ્થાનથી બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ નકલી ફેશન આઈડી બનાવીને ત્યાં કપડા વેચતા અને જ્યારે ગ્રાહકો ઈનસ્ટા આઈડી પરથી કપડા મંગાવે તો વિવિધ પ્રકારે તેમની પાસે પૈસા પડાવતા હતા.

મળતી માહિતી મુજબ, રાજુલા પોલીસે એક વર્ષ જૂની ફરિયાદના આધારે ચાલી રહેલી તપાસમાં ફેક ફેશન એકાઉન્ટથી લોકોને છેતરતી ગેંગને ઝડપી પાડી છે. આ આરોપીઓ નકલી ફેશન એકાઉન્ટથી ચણિયાચોળીની વેચાણની જાહેરાત કરતા. આ જાહેરાતોમાં લોકોને આકર્ષવા માટે વિવિધ ડિસ્કાઉન્ટ અને લોભામણી સ્કીમ પણ મૂકવામાં આવતી હતી. ફરિયાદીએ જ્યારે આ આઈડી પરથી કપડાનો ઓર્ડર કર્યો તો તબક્કાવાર તેની પાસેથી કપડાના પૈસા પડાવી લેવામાં આવ્યા પરંતુ, પછીથી તેને કપડાની ડિલિવરી મળી નહી. ત્યારબાદ તેને જાણ થઈ કે, તે સાયબર ક્રાઈમનો ભોગ બન્યા છે અને બાદમાં રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી.

ફરિયાદના આધારે રાજુલા પોલીસે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સના નકલી ડેટાની મદદથી રાજસ્થાનમાં રહેતા સની સેન અને રવિન્દ્ર સિંહ નામના બે આરોપીની ધરપકડ કરી. બંને આરોપીઓ સોશિયલ મીડિયા દ્વારા લોકો સાથે છેતરપિંડી આચરતા હતા. જોકે, આ વિશે પોલીસે વધુ તપાસ હાથ ધરતા હરિયાણામાંથી પ્રીતમ બેરવા, રાજસ્થાનના મોનુ સાખલા અને કેટલીક ગેમિંગ વેબાસાઈટ ધારકોના પણ નામ સામે આવ્યા છે. આ તમામ આરોપીઓ વિવિધ બેન્ક ખાતાઓનો ઉપયોગ કરીને પૈસા જમા કરાવતા અને અલગ-અલગ સીમ કાર્ડનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છૂપાવતા હતા.

પોલીસ તપાસમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૨૭ જેટલા લોકો સાથે આ પ્રકારના નકલી ફેશન પેજથી છેતરપિંડી થઈ હોવાનો ખુલાસો થયો છે. આરોપીઓએ જુલા-જુદા લોકો પાસેથી સાત લાખ રૂપિયાથી વધુ રકમ પડાવી હોવાની કબૂલાત કરી છે. હાલ, પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગ કરી છે. રિમાન્ડ મળ્યા બાદ તપાસ દરમિયાન અન્ય મોટા ખુલાસા થઈ શકે છે.

# નવા રેકિંગ પ્રમાણે અમદાવાદ સૌથી સ્વચ્છ શહેર, ઈન્દોર સુપર સ્વચ્છ



સ્વચ્છ સર્વેક્ષણનું પરિણામ જાહેર થયું હતું. દેશભરના નાના-મોટા ૪૫૦૦ શહેર-ટાઉનના ૧૪ કરોડ લોકોએ ફેસ ટુ ફેસ, ઓનલાઈન સ્વચ્છતા એપ, માય ગવર્નમેન્ટ ને સોશિયલ મીડિયાના માધ્યમથી આ સર્વેક્ષણમાં ભાગ લીધો હતો. આ વર્ષે નવી રેકિંગ સિસ્ટમ લાગુ પાડવામાં આવી હતી. એ રેન્કિંગ પ્રમાણે ૫૦ હજારથી ત્રણ લાખની વસતિ ધરાવતા શહેરો, ત્રણ લાખથી દસ હજાર અને દસ હજારથી વધુ વસતિ ધરાવતા શહેરોનો સમાવેશ જુદી જુદી કેટેગરીમાં કરાયો હતો. તે ઉપરાંત સ્પેશિયલ કેટેગરીના શહેરોને પણ રેન્કિંગ અપાયું હતું.

૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા સ્વચ્છ મોટા શહેરોની શ્રેણીમાં દેશના ૫૦ મોટા શહેરોનો સમાવેશ થતો હતો. એ શ્રેણીમાં અમદાવાદને પ્રથમ ક્રમાંક મળ્યો હતો. બીજા નંબરે મધ્યપ્રદેશનું ભોપાલ અને ત્રીજા નંબરે ઉત્તર પ્રદેશનું પાટનગર લખનઉ રહ્યું હતું. આ શ્રેણીમાં સૌથી તળિયાના ક્રમે મદુરાઈ રહ્યું હતું. છેક ૩૯મો ક્રમ લુધિયાનાને અને ૩૮મો ક્રમ ચેન્નાઈને મળ્યો હતો.

આ વર્ષે નવી ઉમેરાયેલી કેટેગરી સુપર સ્વચ્છ લીગ સિટીમાં પ્રથમ નંબર ઈન્દોરને મળ્યો હતો. સ્વચ્છતાના રેન્કિંગમાં ઈન્દોર છેલ્લાં આઠ વર્ષથી પ્રથમ નંબરે રહે છે. એ પછી સૂરત બીજા ક્રમે, નવી મુંબઈ ત્રીજા ક્રમે અને વિજયવાડા ચોથા નંબરે રહ્યા હતા. આ કેટેગરીમાં કુલ ૨૩ શહેરોનો રેન્કિંગમાં સમાવેશ થયો હતો. ઓછી વસતિ ધરાવતા શહેરોમાં નોઈડાનો પ્રથમ નંબર હતો. તિરુપતિ, અંબિકાપુર અને લોનાવાલા ૫૦ હજારથી વધુની વસતિ હોય એવા શહેરોમાં ટોચના સ્થાને રહ્યા હતા. ઉત્તર પ્રદેશની સરકારને સ્પેશિયલ કેટેગરીમાં સન્માન આપવામાં આવ્યું હતું. એ સન્માન પ્રયાગરાજ કુંભમેળાના કચરાના નિકાલ અને સ્વચ્છતા માટે પ્રયાગરાજ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પ્રયાગરાજ કુંભમેળા અધિકારીઓને અપાયું હતું.

# UAE માં બની રહી છે દુનિયાની સૌથી ઊંચી હોટેલ, બેડરૂમથી જ અડધું દુબઈ નિહાળો



દુબઈ દુનિયાની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફા બાદ હવે દુનિયાની સૌથી ઊંચી હોટલ પણ ખોલવા જઈ રહ્યું છે. આ હોટલ એટલી શાનદાર અને ઊંચી હશે કે, અહીંના રૂમના બેડમાંથી જ અડધું દુબઈ દેખાશે. આ હોટલનું નામ છે □□□□ □□□□□. આ આલિશાન હોટલમાં ૧૦૦૪ રૂમ હશે, ૧૪૭ લક્ઝરી સ્વીટ હશે. આ હોટલમાં જીઅ □□□□□□ ૮૧માં માળ પર, જીઅ □□□□ અને ૭૬માં માળ પર અને મુખ્ય □□□□□ રેસ્ટોરન્ટ ૭૪માં માળ પર હશે. અહીં એક સ્કાઈ રેસ્ટોરન્ટ પણ હશે. આ સિવાય ૧૨ માળના □□□□□□ જીઅ Garden પણ બનાવવામાં આવશે.આ હોટલના રૂમનું ઈન્ટિરિયર ખૂબ જ શાનદાર હશે. જે મુજબ, ત્યાં રોકાવાનું એક રાતનું ભાડું પણ એટલું જ મોટું હશે. □□□□ □□□□□ના ગાર્ડનમાં નેચરલ વેન્ટિલેશન અને ગ્રીન લેન્ડસ્કેપ પણ હશે. હાલ, આ હોટલની માહિતી બહાર આવ્યા બાદ લોકો આ રેસ્ટોરન્ટના ફોટો, વીડિયો જોવા માટે પણ ઉત્સાહિત છે.

# ૬૦ લાખના ચેક બાઉન્સ મામલે વેપારીને એક વર્ષની જેલ

ગાંધીનગરની કોર્ટે ચેક રિટર્ન કેસમાં ચુકાદો આપ્યો છે. આરોપી હિતેશકુમાર સોનીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે આરોપીને રૂ. ૬૦ લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ પણ આપ્યો છે.

ફરિયાદી હર્ષલકુમાર ચૌહાણે તેમના મિત્ર હિતેશકુમાર સોનીને ધંધાકીય કામકાજ માટે રૂ. ૬૦ લાખ આપ્યા હતા. આ રકમ હર્ષલકુમારે પોતાની અંગત બચત અને તેમના પિતાની સરકારી નોકરીમાંથી મળેલી રકમમાંથી આપી હતી.રકમ પરત કરવાની મુદત પૂરી થતાં હિતેશકુમારે RTGS થી રૂ. ૫ લાખ ચૂકવ્યા. બાકીની રકમ માટે તેમણે IDFC બેંકના બે ચેક આપ્યા. એક ચેક રૂ. ૨૦ લાખનો અને બીજો રૂ. ૩૫ લાખનો હતો. બંને ચેક ફંડ ઈનસફિશિયન્ટના કારણે પરત આવ્યા.ફરિયાદીએ લીગલ નોટિસ આપી હતી. આરોપીએ નાણાં પરત ન કરતાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી. છઠ્ઠા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

# રોન્ગ સાઇડ ડ્રાઇવિંગ બદલ સપ્તાહ માટે વાહન જપ્ત કરો



બેફામ ટ્રાફિક, આડેધડ પાર્કિંગ, બિસ્માર રસ્તા અને રખડતાં ઢોરના મુદ્દે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટના કેસની સુનાવણીમાં હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ. સુપૈયા અને જસ્ટિસ આર.ટી. વાચ્છાણીની ખંડપીઠે પોલીસ વિભાગ અને રાજ્ય સરકારનો ભારે ઊધડો લીધો હતો. ખંડપીઠે એક તબક્કે સૂચક ટકોર કરી હતી કે, 'રોન્ગ સાઈડમાં ચલાવનારાના વાહનો એક સપ્તાહ માટે જપ્ત કરી લો. કાયદાનો કડક અમલ જ પરિસ્થિતિમાં સુધારો કરશે. નિયમોનો ભંગ કરનારા સામે □□□ કરવાથી કંઈ નહી થાય. રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ કરનારા તત્ત્વોના કારણે કાયદાનો અમલ કરનારા શહેરીજનોના જીવ જોખમમાં મૂકાય છે. આવા તત્ત્વો સામે ઓથોરિટી લાચાર છે, એવો મેસેજ જાય છે.'

ત્યારબાદ ટ્રાફિક પોલીસ તરફથી સરકારી વકીલે અનેક લૂલા બચાવ કર્યા હતા અને ખંડપીઠે કહ્યું હતું કે, 'તમે વાહન જપ્ત કરો કે ન કરો એનાથી અમને કોઈ મતલબ નથી પરંતુ અમને નાગરિકોની સલામતી અને કાયદાના અમલની જ ચિંતા છે. તમે એક કે બીજી રીતે જે કડક કાર્યવાહી કરવા માંગતા હોવ એ કરો. અમે એટલું જ કહીશું કે નિયમોના ભંગથી અકસ્માતો વધી રહ્યા છે. તમારા પોલીસ અધિકારીઓ મુખ્ય માર્ગો ઉપર જ ફોકસ રાખે છે. ધારો કે સીજી રોડ કે એસજી રોડ ઉપર જ બધો ફોકસ હોય છે. તમારા સ્ટાફનો શોર્ટેજ પણ હશે, પરંતુ તમારે પ્લાન બનાવવા પડે અને એ રીતે કામ કરવું પડે. એક મહિનામાં કડક કાર્યવાહી કરશો તો પરિસ્થિતિમાં સુધારો થશે. તમે જે □□□ કરો છો એનાથી પરિસ્થિતિમાં કંઈ સુધારો થયો છે?

FIR કરવાથી સિંધુભવન રોડ પર ટ્રાફિક ભંગના કેસોમાં ૮૦ ટકા ઘટાડો થયો હોવાની દલીલ સરકાર તરફથી થઇ હતી. ત્યારે કોર્ટે ટકોર કરી હતી કે, 'જો તમે જો એક કલાક માટે જેતે વ્યક્તિનું વાહન જપ્ત કરો તો એનાથી આટલો ફરક પડતો હોય તો જો તમે બેથી ત્રણ દિવસ વાહન જપ્ત કરશો તો વધુ ફરક પડશે. જોકે અમે અમારા સૂચનના અમલનો આદેશ પણ કરતાં નથી. પરંતુ તમને જે યોગ્ય કાર્યવાહી જણાય એ કરો, પરંતુ પરિસ્થિતિ સુધારો. એ દિવસો ગયા, હવે તમે કાયદાનો કડક અમલ નહીં કરો તો કંઈ નહી થાય. જ્યારે કોઈ દુર્ઘટના બને છે ત્યારે બધા ભૂલી જાય છે, પરંતુ જે કુટુંબ વ્યક્તિ ગુમાવે છે એને આજીવન પીડા અને વેદના રહે છે.' ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે, 'ત્રણ-ચાર મહિના પહેલાં લીગલ ઓથોરિટીને અમે સરવે કરવાનું કહ્યું હતું. તે સમયે ગેરકાયદેસર પાર્કિંગનો સરવે કરાયો હતો અને હવે પરિસ્થિતિ પાછી એવી જ થઇ ગઇ છે. તમે જજીઝ બંગલોથી પકવાન સુધી જાઓ બેફામ અને આડેધડ પાર્કિંગ જોવા મળશે.' તંત્રની કામગીરી આંખમાં ધૂળ નાંખવા જેવી કાર્યવાહી હોવાની સૂચક ટકોર કરતાં કહ્યું હતું કે, 'રોન્ગ સાઈટ ડ્રાઈવિંગ કરનારાઓ વિરૂદ્ધ તમે અત્યાર સુધીમાં શું કડક કે આકરી કાર્યવાહી કરી છે? તમે આવા તત્ત્વો FIR એને અમે કડક કાર્યવાહી માનતા નથી. નિયમોનો ભંગ કરનારાઓ વાહનો એક સપ્તાહમાં જપ્ત કરો, એના સિવાય કોઈ સુધરવાનું નથી.' કોર્ટે એવી ટકોર પણ કરી હતી કે જસ્ટિસ વાચ્છાણી જ્યારે સુરતમાં હતાં ત્યારે આ રીતે વાહનો જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારથી બધા સુધરી ગયા છે. તમે FIR કરો તો એનાથી કોઈ પણ કંઈ ફેર નહી પડે. લોકોને પણ ખબર છે કે FIR માં ક્યારે ટ્રાયલ ચાલશે એની કોઈ ખાતરી નથી. તમે તમારા ડેટા જ જુઓ. રોડ પર લાખો વાહનો ચાલે છે.

કોર્ટે એવી ટકોર પણ કરી હતી કે, 'અમને તમારી કાર્યક્ષમતા કે કાર્યવાહી પ્રત્યે શંકા નથી.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું